## IIM-A બીજા સ્થાને સરક્યું, ફાર્મસી-ઈજનેરી સિવાય ધબડકો

# NIRF રેન્કિંગમાં ગુજરાતની માત્ર ૧૮ કોલેજ અને યુનિવર્સિટીને સ્થાન

## ગુજરાત યુનિ., જીટીયુ સહિત એક પણ સરકારી યુનિ. ટોપ-૨૦૦માં નહીં

। અમદાવાદ ।

મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ દ્વારા દેશભરની યુનિવર્સિટી, કોલેજો, ઈજનેરી કોલેજો, આઈઆઈટી, એનઆઈટી, ફાર્મસી, મેડિકલ, લો, આર્કિટેક્ચર કોલેજોનું રેન્કિંગ જાહેર કરવામાં આવે છે. 'નેશનલ ઈન્સ્ટીટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક'ના નામે ઓળખાતા ૨૦૧૯ના વર્ષના રેન્કિંગને પ્રથમ વખત રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. ઓવરઓલ દેખાવમાં આઈઆઈટી મદ્રાસ પ્રથમ સ્થાને છે. ગુજરાતની ફાર્મસી, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, કોલેજ, મેડિકલ, લો, આર્કિટેક્ચરની ઢગલાબંધ ખુલેલી કોલેજોમાંથી માત્ર ૧૮ સંસ્થા નેશનલ રેન્કિંગ મેળવી શકી છે. સરકારી એક પણ યુનિવર્સિટીને સ્થાન મળ્યું નથી.

NIRF માટે પાંચ પેરામીટર્સ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ૧-ટીચીંગ-લર્નિંગ રિસોર્સ, ૨-રિસર્ચ એન્ડ કન્સલ્ટેશન, ૩-ગ્રેજ્યુએટ આઉટરીચ, ૪-આઉટરીચ એક્ટિવિટી, ૫-પરસેપ્શન નક્કી કરવામાં આવ્યા છે. જેમાં દરેક સંસ્થાએ પોતાનો રિપોર્ટ સબમીટ કરવાનો હતો. ત્યારબાદ તેનું મૂલ્યાંકન કરીને સ્કોર નક્કી કરી રેન્ક ફાળવાયા હતા. ગુજરાત યુનિવર્સિટી સહિત એક પણ સરકારી યુનિવર્સિટીને ક્યાંય સ્થાન મળ્યું નથી. જીટીયુ સૌથી મોટી યુનિવર્સિટી હોવા છતાં તેને પણ સ્થાન મળ્યું નથી. ઉચ્ચ અને ગુણવત્તાલક્ષી શિક્ષણના બણગાં વચ્ચે વાસ્તવિક્તા એ છે કે એક પણ યુનિવર્સિટી ટોપ-૧૦૦ તો ઠીક ટોપ-૨૦૦માં પણ એકેય યુનિવર્સિટી પહોંચી શકી નથી. યુનિવર્સિટીની કેટેગરીમાં આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટીએ ૬૭માં નંબર સાથે ટોપ-૧૦૦માં સ્થાન મેળવ્યું છે પરંતુ તે એગ્રિકલ્ચર યુનિવર્સિટી છે. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત અને પીડીપીયુને રેન્ક વગર ૧૫૧ થી ૨૦૦ વચ્ચે સ્થાન મળ્યું છે. આઈઆઈએમ-અમદાવાદ ગત વર્ષે મેનેજમેન્ટ કેટેગરીમાં પ્રથમ નંબરે હતી અને બેંગ્લુરું આઈઆઈએમ બીજા નંબરે હતી. આ વર્ષે બેંગ્લુરું પ્રથમ સ્થાને અને અમદાવાદ બીજા સ્થાને સરકી ગઈ છે.

લો કેટેગરીમાં પ્રથમ વખત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીએ ૯માં નંબર સાથે રેન્ક મેળવી હતી. આર્કિટેક્ચર કેટેગરીમાં રેન્ક વગર આણંદની એસએમપી કોલેજ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરત આવી છે. સેપ્ટ ક્યાંય નથી. મેડિકલમાં ગુજરાતની એક પણ કોલેજ સ્થાન મેળવી શકી નથી.

### ગુજરાતની યુનિવર્સિટી, કોલેજોનું રેન્કિંગ

| રેન્ક | કોલેજ-યુનિવર્સિટી | શહેર | કેટેગરી | ૨૦૧૮ રેન્ક |
|---|---|---|---|---|
| ૫૧ | આઈઆઈટી | ગાંધીનગર | ઓવરઓલ | ૩૯ |
| ૯૬ | આણંદ કૃષિ યુનિ. | આણંદ | ઓવરઓલ | -- |
| ૬૭ | આણંદ કૃષિ યુનિ. | આણંદ | યુનિવર્સિટી | ૮૩ |
| ૨૪ | આઈઆઈટી | ગાંધીનગર | એન્જિ. | ૨૭ |
| ૫૮ | એસવીએનઆઈટી | સુરત | એન્જિ. | ૬૧ |
| ૯૧ | ડીએઆઈઆઈસીટી | ગાંધીનગર | એન્જિ. | -- |
| ૧૩૬ | નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | એન્જિ. | -- |
| ૧૩૭ | એમએસયુ | વડોદરા | એન્જિ. | -- |
| ૫૬ | સેન્ટ ઝેવિયર્સ કોલેજ | અમદાવાદ | કોલેજ | ૬૫ |
| ૨ | આઈઆઈએમ | અમદાવાદ | મેનેજમેન્ટ | ૧ |
| ૪૦ | નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | મેનેજમેન્ટ | -- |
| ૫૧ | ઈન્સ્ટી.ઓફ રૂરલ મેને. | આણંદ | મેનેજમેન્ટ | ૪૩ |
| ૯ | નાઈપર | ગાંધીનગર | ફાર્મસી | ૧૪ |
| ૧૭ | એમએસયુ | વડોદરા | ફાર્મસી | ૧૨ |
| ૨૧ | નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | ફાર્મસી | ૧૮ |
| ૩૧ | એલ.એમ.ફાર્મસી | અમદાવાદ | ફાર્મસી | ૨૪ |
| ૬૬ | બી.કે.મોદી ફાર્મસી | રાજકોટ | ફાર્મસી | -- |
| ૯ | જીએનએલયુ | ગાંધીનગર | લો | -- |

### કઈ કેટેગરીમાં કેટલી એન્ટ્રી આવી

ઓવરઓલ દેખાવની કેટેગરીમાં ૧,૪૭૯ એન્ટ્રી, યુનિવર્સિટી કેટેગરીમાં ૨૦૦ એન્ટ્રી, એન્જિનિયરિંગ કેટેગરીમાં ૯૬૯ એન્ટ્રી, કોલેજ કેટેગરીમાં ૧,૩૦૪ એન્ટ્રી, મેનેજમેન્ટ કેટેગરીમાં ૫૫૫ એન્ટ્રી, ફાર્મસી કેટેગરીમાં ૩૦૧ એન્ટ્રી, લો કેટેગરીમાં ૮૦ એન્ટ્રી, આર્કિટેક્ચર કેટેગરીમાં ૬૫ એન્ટ્રી, મેડિકલ કેટેગરીમાં ૧૧૩ એન્ટ્રી આવી હતી.